# મહેસાણાની સાતે સાત બેઠકો પર કશ્મેકશ જંગ

## મહેસાણાની બેઠક પર બેઉ બળીયા બાથે વળગીયા જેવો માહોલ : બેચરાજી, ઉંઝા, વિસનગર અને વિજાપુર બેઠકો પર પટેલ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો ખેલ મંડાયો છે : ચાણસ્મા અને ખેરાલુમાં ઠાકોર ઉમેદવારોથી જંગ રસપ્રદ બન્યો છે

મહેસાણા, તા.૧૦ આગામી તેરમી વિધાનસભાની ૧૮૨ બેઠકોપૈકી તા. ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનાર બીજા તબક્કાની ૯૫ બેઠકોમાં ઉત્તર ગુજરાતમાં રાજકીય લેબોરેટરી ગણાતા મહેસાણા જિલ્લાની કુલ સાત વિધાનસભા સીટો પર કુલ ૬૨ ઉમેદવારો ચૂંટણી જંગ લડી રહ્યા છે ત્યારે સાત વિધાનસભા બેઠકો પૈકી પાંચ બેઠકો ૨૦ ખેરાલુ, ૨૨ વિસનગર, ૨૩ બેચરાજી, ૨૪ કડી (અ.જા.) અને ૨૬ વિજાપુરમાં ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરીવર્તન પાર્ટીના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે. જયારે ૨૧ ઊંઝા અને ૨૫ મહેસાણા બેઠકો પર ઉમેદવારી પત્રકો પરત ખેંચવાના અંતિમ દિવસે ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતાં આ વખતની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગી બાબતે ઊંઝા, વિસનગર, કડી, બેચરાજી, વિજાપુરમાં દાવેદારી કરનારા ઉમેદવારો અને તેમના સમર્થક એવા કાર્યકરોમાં નારાજગીને લીધે આંતરિક ભડકો થયો છે ત્યારે બંને પક્ષોના નારાજ આગેવાનો, કાર્યકરોને મનાવવાના અને પુરી તાકાત બતાવવાના પ્રયાસો થયા છે. જિલ્લામાં નવા સિમાંકન મુજબ યોજાનાર ચૂંટણીમાં ઘણા ફેરફારો થયા છે. જિલ્લામાં જોટાણાની અનામત બેઠક રદ થઈ છે. અને કડીની સામાન્ય બેઠક અનામતમાં ફેરવાઈ છે જયારે જોટાણાની જગ્યાએ નવી બેચરાજી બેઠક અસ્તિત્વમાં આવી છે. જેથી કેટલાક અંશે રાજકીય સમીકરણો બદલાય તેવી સ્થિતિ ઉભી થઈ છે.


જિલ્લાની મહેસાણા વિધાનસભા સીટ પર કુલ ૧૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે જેમાં ભાજપે રાજયના શહેરી વિકાસ પ્રધાન નીતિનભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે તો સામે કોંગ્રેસ પક્ષે કોંગ્રેસના અગ્રણી અને સહકારી આગેવાન નટવરલાલ પી. પટેલને ટિકિટ ફાળવી છે. આ સાથે જનતાદળ (યુનાઈટેડ)ના ઉમેદવાર



અને અગિયાર અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. જો કે આ બેઠક પર ભાજપ અને કોંગ્રેસના બે મહારથીઓ વચ્ચે સીધી ટકકર છે. આ સીટ પર ભૂતકાળથી ભાજપના ઉમેદવાર વિજયી થયા છે પરંતુ સ્થાનિક સિવાય બહારના ઉમેદવારને ચૂંટણીમાં સફળતા મળી નથી ત્યારે આ વખતે કડી વિસ્તારના ભાજપના ઉમેદવાર એવા નીતિનભાઈ પટેલને મહેનત કરવી પડે તેમ જણાય છે. આ બેઠક પર જ્ઞાતિ મુજબ મતદારોની સંખ્યા જોઈએ તો પાટીદાર મતોની સંખ્યા સવિશેષ છે. બીજા ક્રમે ઠાકોર મતદારોની સંખ્યા છે. આ સિવાય અનુસૂચિત જાતિ, મુસ્લિમ પ્રજાપતિ, બ્રાહ્મણ, ચૌધરી, રબારી જ્ઞાતિના મતદારોની પણ સંખ્યા સારી છે ત્યારે પાટીદાર મતોનું વિભાજન થાય તેમ હોઈ અન્ય જ્ઞાતિઓના મત નિર્ણાયક બને તેમ છે. આ વિધાનસભા બેઠકમાં ૧૧૧.૩૦ પુરષ અને ૧૦૨૦૬૫ સ્ત્રી મતદારો મળી કુલ ૨૧૩૦૯૫ મતદારો છે.

જિલ્લાની વિસનગર વિધાનસભા બેઠક પર કુલ દશ ઉમેદવારો ઉભા રહ્યા છે. જેમાં ભાજપના ઋષિકેશભાઈ પટેલને





બીજીવાર રીપીટ કરવામાં આવ્યા છે તો કોંગ્રેસ અને એન.સી.પી.ના ઉમેદવાર તરીકે પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ પ્રધાન ભોળાભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. આ સિવાય ગુજરાત પરિવર્તન પાર્ટીના મગનસિંહ ઠાકોર, જનતાદળ (યુનાઈટેડ) સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય લોકદળ, લોકજનશકિત પાર્ટી અને બે અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે. આ બધામાં મુખ્ય જંગ ભાજપ, કોંગ્રેસ અને જીપીપી વચ્ચે છે તેમ છતાં બરાબરીનો ખેલ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો છે. અત્રે ભાજપ અને કોંગ્રેસમાં ભડકા થયેલા છે. ત્યારે બંને પાટીદાર સમાજના ઉમેદવારોમાં પાટીદાર મતોનું વિભાજન કોને ફાયદો કરાવે છે તે જોવું રહ્યું. અહીં પાટીદાર મતોનું પ્રભુત્વ છે તો ક્ષત્રિય, ચૌધરી, મુસ્લિમ, રબારી, પ્રજાપતિ જ્ઞાતિના મતદારોની સંખ્યા પણ ચૂંટણીમાં નિર્ણાયક બને તેવી છે. વિસનગર વિધાનસભા મત ક્ષેત્રમાં ૯૬૭૩૯ પુરુષ અને ૮૯૬૦૦ સ્ત્રી મતદારો મળી કુલ ૧૮૬૩૪૦ મતદારો છે.

જિલ્લાની ખેરાલુ સીટ પર કુલ ૬ ઉમેદવારો છે. જેમાં ભાજપે વર્તમાન ધારાસભ્ય ભરતસિંહ ડાભીને પુનઃ રીપીટ કર્યા છે. જયારે કોંગ્રેસે બાબુજી ઠાકોરને પસંદ કરી ચૂંટણીમાં ઉતાર્યા છે. આ ઉપરાંત બહુજન સમાજ પાર્ટી, સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી, ગુજરાત પરિવર્તન પાર્ટી અને એક અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે. મુખ્યત્વે ઠાકોર ક્ષત્રિય સમાજના વધુ મતો ધરાવતી આ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીના ત્રણ ઠાકોર જ્ઞાતિના ઉમેદવારો છે એટલે ઠાકોર મતોનું વિભાજન થશે. આથી ચૌધરી, અનુસૂચિત જાતિ, પટેલ, પ્રજાપતિ અને લઘુમતિ સમાજના મતદારોમાં જે સૌથી વધુ મતો ખેંચી જશે તે વિજયી બનશે તેમ જણાય છે. આ બેઠક પર મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે છે. ખેરાલુ વિધાનસભા બેઠકમાં ૯૨૪૭૧ પુરુષ અને ૮૪૭૪૫ સ્ત્રી મતદારો મળી કુલ ૧૭૭૨૧૬ મતદારોની સંખ્યા છે.

ઊંઝા વિધાનસભા બેઠક પર કુલ આઠ ઉમેદવારો ચૂંટણી મંદાનમાં છે. ભાજપે સતત પાંચમી વાર નારાયણભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે તો કોંગ્રેસે કોંગ્રેસ પાર્ટીના મહિલા સેલના આગેવાન ડૉ. આશાબેન પટેલને પસંદ કરી મહિલાને ચૂંટણી જંગમા ઉતાર્યા છે. અહીં ભાજપ કોંગ્રેસ ઉપરાંત લોકજનશકિત પાર્ટી, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી સહિત ત્રણ અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે સતત પાંચમી વાર વર્તમાન ધારાસભ્યને રીપીટ કરતા તેમજ કોંગ્રેસે ઊંઝા શહેરના કોંગી અગ્રણીને ટિકિટ નહીં આપતાં બંને પક્ષોમાં અંદર ખાનગી નારાજગી ફેલાઈ છે. ભાજપના ઉમેદવાર આર્થિક રીતે સક્ષમ છે. છેલ્લી ચાર ટર્મથી ફેરફાર થયો છે પરંતુ આ વિસ્તારમાં પાટીદાર મતોની સંખ્યા સૌથી વધુ છે. બીજા ક્રમે ઠાકોર ક્ષત્રિય સમાજના મતદારો છે જે પરિણામ પર અસર પાડી કે તેમ છે. આમ છતાં ઊંઝા શહેરના આંટા સમાજના પાટીદારો ભાજપ કે કોંગ્રેસના વિજય માટે નિર્ણાયક



સાબિત થશે તેમ મનાય છે. અત્રે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ છે. આ બેઠક પર ૯૯૯૨૬ પુરુષ અને ૯૩૧૪૩ સ્ત્રી મતદારો મળી કુલ ૧૯૩૦૬૭ મતદારો છે.

જિલ્લાની વિજાપુર બેઠક પર કુલ નવ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે કાન્તિભાઈ પટેલને બીજીવાર પસંદ કર્યા છે તો કોંગ્રેસે નરેશ રાવલની દાવેદારીને માન્ય નહીં રાખી પ્રહલાદભાઈ પટેલની પસંદગી કરી છે. અહીં પણ કોંગ્રેસમાં ટિકિટના પ્રશ્ને ભડકો થયો હતો અને ભાજપમાં પણ કયાંક થોડો અસંતોષ ફેલાયો હતો. અત્રે ભાજપ કોંગ્રેસ ઉપરાંત ગુજરાત પરિવર્તન પાર્ટી, રાષ્ટ્રિય લોકદળ, લોકજનશકિત, સમાજવાદી પાર્ટીના ઉમેદવારો અને અપક્ષ ઉમેદવારો મેદાને પડયા છે. ભાજપ, કોંગ્રેસ, ગુજરાત પરીવર્તન પાર્ટી, લોકજનશકિત, સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય લોકદળના ઉમેદવારો તરીકે પાટીદાર સમાજના છ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેથી પાટીદાર મતોનું વિભાજન થવાની પુરી શકયતા છે. આથી ઠાકોર અને દલિત સમાજના મતો નિર્ણાયક બનશે તેમ દેખાય છે. આ બેઠક પર મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ અને જીપીપીના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે.

જિલ્લાની કડી (અ.જા.) વિધાનસભા બેઠકમાં કુલ સાત ઉમેદવારો ચૂંટણી લડે છે. નવા સિમાંકનમાં જોટાણા (અ.જા.) બેઠક રદ થતાં કડીની સામાન્ય સીટ અનામત થઈ છે ત્યારે અગાઉ આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે વિજયી થતા નીતિનભાઈ પટેલને મહેસાણા ખસેડવામાં આવ્યા છે અને આ અનામત બેઠક પર ભાજપે ગુજરાતી ફિલ્મ કલાકાર હિતુ કનોડીયાને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે તો કોંગ્રેસે આ મતક્ષેત્રના સ્થાનિક ઉમેદવાર તરીકે રમેશભાઈ ચાવડાની પસંદગી કરી છે. આ ઉપરાંત બહુજન સમાજ, સમાજવાદી, ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારો અને બે અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે. નવા સિમાંકનમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના કેટલાક વિસ્તારો કપાયા છે. ભાજપનો ગઢ ગણાતી આ બેઠક પર ભાજપના ઉમેદવાર અને કોંગ્રેસના ઉમેદવાર તેમજ જી.પી.પી.ના ઉમેદવાર વચ્ચે ત્રિપાંખીયો જંગ છે. જો કે સીધી સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છે. અહીં પાટીદાર મતો સૌથી વધુ છે. બીજા સ્થાને ઠાકોર જ્ઞાતિના મતદારો છે. તેમજ ત્રીજા સ્થાને અનુસૂચિત જાતિના મતદારો છે ત્યારે જે ઉમેદવાર પાટીદાર મતો વધુ ખેંચશે તે વિજયી થશે તેમ જણાય છે. અત્રે ૧૧૭૬૦૯ પુરુષ અને ૧૦૮૦૭૮ સ્ત્રી મળી કુલ ૨૨૫૬૮૭ મતદારો છે.

જિલ્લામાં નવા સિમાંકનમાં નવી બેચરાજી બેઠક બની છે. આ નવિન બેઠક પર કુલ આઠ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાં ભાજપના અગાઉ ચાણસ્મા બેઠકના વર્તમાન ધારાસભ્ય રજનીકાંત પટેલને અહીં ટીકીટ આપી છે તો કોંગ્રેસે રાજેન્દ્રસિંહ દરબારને મેદાનમાં ઉતાર્યા છે જયારે જીપીપીના કિરીટકુમાર પટેલ તથા સમાજવાદી લોકજનશકિત, જનતાદળ યુનાઈટેડ અને બે અપક્ષ ઉમેદવારો ઉભા રહ્યા છે. ત્યારે ભાજપ, કોંગ્રેસ અને જીપીપી વચ્ચે ત્રિપાંખિયો જંગ થયો છે. આ બેઠકમાં પટેલ મતો સૌથી વધુ છે. બીજા નંબરે ઠાકોર મતદારો આવે છે. આ ઉપરાંત દલિત અને રાજપૂત, દરબાર, રબારી જ્ઞાતિના પણ સારા મતો છે. ભાજપ અને પરીવર્તન પાર્ટીના ઉમેદવારો પટેલ હોઈ પાટીદાર મતો વહેંચાઈ જાય તેમ છે એટલે ઠાકોર, દલિત, રબારી સમાજના મતો અહીં નિર્ણાયક બનશે. ૧૦૪૮૧૫ પુરુષ અને ૯૭૩૩૮ સ્ત્રી મતદારો મળી કુલ ૨૦૨૧૫૩ મતદારો છે.

# ગાંધીનગરમાં હું સેવા કરતો હોઉ તો એક કમળ બાયડનું હોવું જોઈએ : નરેન્દ્ર મોદી

બાયડ, તા.૧૦ ગુજરાત રાજય ની ચુટણી માં પ્રથમ તબકકા ની ચુટણી ને ૩ દિવસ બાકી છે અને બીજા તબબકાની ચુટણી ને ૭ દિવસ બાકી છે ત્યારે ભાજપ અને કોગ્રેસ પક્ષ ના સ્ટાર પ્રચારકો સમગ્ર ગુજરાત રાજય માં સભાઓ ગજવી મતદારો ને રીઝવવાના પ્રયાસો કરી રહયા છે

ત્યારે આજે બપોરે એક વાગે બાયડ ખાતે આવેલ માર્કેટયાર્ડ માં આજે મુખ્યમંત્રી મોદી એ બાયડ ભાજપા ના ઉમેદવાર ઉદેસીંહ ઝાલા ના પ્રચાર અર્થે બાયડ ખાતે એક જાહેર સભા સંબોધી હતી જયારે હંર હંમેશ ની જેમ મોદી એ કોગ્રે ને પોતાના પ્રચાર માં આગવી શૈલી માં કોગ્રેસ ઉપર આકરા પ્રહારો કરી સાનીા ગાંધી અને મનમોહન સીંહ ને આડે હાથ લીધા હતા

જયારુ સોનીયા ગાંધી ને આડે હાથ લેતા તેમણે કહયુ હતુ કે મોદી જવાબ આપે કે નર્મદા યોજના નુ કામ કેમ વીલંબ માં પડયુ છે તયારે તેમને સમજાવવા કેવી રીતે કે તેમને ગુજારતના ભૌગોલીક નકશા વિશે કઈ ગતાગમ છે ખરી ત્યારે વધુ માં કહયુ હતુ કે સરદાર સરોવર ડેમ નો શીલાન્યાસ સોનીયાબેન ના સસરા ના સસરા પંડીત નહેરુ એ કર્યુ હતુ પરંતુ ૨૬ વૃષ સુધી સરદાર સરોવર નુ કોઈ કામ થયુ નહોતુ જયારે મનમોહનસી/હ પર આકરા પ્રહાર કરતાં કહયુ હતુ કે મનમોહન સરકારે નર્મદા ડેમની ઉચાઈ વધારવા પરમનાઈ ફરમાવી દીધો હતો તેની સામે મે ખુલ્લેઆમ લલકાર કર્યો હતો એ ત્રણ દિવસ ના ઉપરવાસ પર બેસયો હતો જેને લઈ ને દીલ્લી ની સરકાર હલી ગઈ હતી અને ડેમ ની ઉચાઈ વધારવાની મંજુરી આપી દીધી હતી જયારે ભાજપા ના ઉમેદવાર ને તા.૧૭ ના રોજ યોજાનારા મતદાનના દિવસે મત આપી કમળ ને વીજયી બનાવવા બાયડ માં થી એક કમળ ગાંધીનગર મોકલવાની જવાબદારી તમારી છે. જયારે આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા બાયડ તાલુકા અને શહરે ના હોદેદારા કાર્યકરો તેમજ મોટી સંખ્યા માં જનમેદની એકઠી થઈ હતી.

(તસવીર : સમીર બલોચ, બાયડ)



## મોંઘેરા મોતી (પાના નં. ૨ નું ચાલુ)

શ્રી જિજ્ઞેશભાઈ તથા સુનિલભાઇ પાસે વિઝન તૈયાર થઈ રહ્યું છે. વર્ષ - ૨૦૧૧ પ્રગતિના ગ્રાફમાં બે વી.એમ.સી. મશીન સાથે ટર્નિંગ સેન્ટર સાથે પ્રોડકશનનું નિર્માણ થયું હતું. જેમાં આજે કાસ્ટીંગ કોમ્પોનન્ટનું એક્સપોર્ટ ડિવિઝન કાર્યરત છે. ફુલ્લી મશીન્ડ કોમ્પોનન્ટ એકસપોર્ટ કરવાનું ગૌરવ આ યુનિટને ફાળે જાય છે. જે પ્રોડકશન થઈ રહ્યું છે. તેનાથી સંતોષ માનીને ન બેસી રહેનારા આ યુવાનો પાસે આવનારા દસ વર્ષ માટેનું નકકર આયોજન છે. ઈનોવેટિવ વર્ષ - ૨૦૧૩ પ્રા.લિ. કંપની બનશે. ઉપરાંત આ સમયગાળામાં જ વિદેશ ખાતે આયોજન પામતા એક્ઝીબિશનમાં સ્ટોલનાં પ્રદર્શન સાથે આગળ વધવાની પૂર્વ તૈયારી છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં એકસપોર્ટનું ખૂબ મોટું આયોજન થઈ શકે તે માટેના શ્રીગણેશ થઈ ચૂક્યા છે અને એક ફાઉન્ડી સાથે ટાય-અપ કરવામાં આવ્યું છે. જે માત્ર ઈનોવેટિવનું કાસ્ટીંગ કરે છે. વર્ષ ૨૦૧૫ સુધીમાં યુનિટ - ૩નું નિર્માણ થશે. જે રાજકોટ ઉદ્યોગમાં મોટા યુનિટ તરીકે પ્રકાશમાં આવશે. આઈ.એસ.ઓ.ડી.ઓ.બી. સમેરા સંસ્થાઓના પ્રમાણપત્રો ધરાવતા આ સંકુલના સૂત્રધારો રાજકોટ એન્જિ. એસોસીએશન અને આઈ.આઈ.એફ. (રાજકોટ ચેપ્ટર) સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

જિજ્ઞેશભાઇ ચેલેન્જિંગ જોબ ઉપાડે અને તેમાં સફળતાની ટોચ સુધી પહોચે તેવી શુભેચ્છા કવિ રાજેન્દ્ર શાહની પંક્તિથી આપીએ...

કોઈ તો રાચે છે વેળુ છીપથી કોઈ તો જળને હિલ્લોળજી,
મરજીવો ઊતરે મહેરામણે, માથા સાટે મોતી મોલજી.

**તેમનો મોબાઈલ નં. ૯૮૯૮૦૧૦૯૧૦ છે.**

# એકઝીટ પોલ પર પ્રતિબંધ

લોકપ્રતિનિધિત્વ કાયદો ૧૯૫૧ની કલમ-૧૨૬(અ)ની પેટા કલમ-૧ અને ૨ અન્વયેની જોગવાઈ અનુસાર ભારતનાં ચૂંટણી પંચે મતદાન પૂર્ણ થવાના નિયત સમય પહેલા કોઈપણ પ્રકારના 'એકઝીટ પોલ' કંડકટ કરવા કે તેના પરિણામો પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક અથવા બીજી કોઈપણ રીતે પ્રસારિત કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. એટલે કે તા. ૧૭-૧૨-૧૨ના રોજ સાંજે ૫.૩૦ કલાક પહેલા કોઈપણ પ્રકારનાં એકઝીટ પોલ કંડક્ટ કરવા કે તેના પરિણામો પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક અથવા બીજી કોઈપણ રીતે પ્રસારિત કરી શકાશે નહિ. મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા એક અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે કે, લોકપ્રતિનિધિત્વ કાયદા-૧૯૫૧ની કલમ-૧૨૬-૧(બી) હેઠળ મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમયનાં ૪૮ કલાકનાં સમયગાળા દરમિયાન 'ઓપીનિયલ પોલ' અથવા અન્ય કોઈ ચૂંટણી સર્વે જેવી ચૂંટણી સંબંધિત બાબતો ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસારિત કે નિદર્શિત કરવાની બાબત ઉપર પણ ભારતના ચૂંટણી પંચે પ્રતિબંધિત ફરમાવ્યો છે.



**શાળામાં ભણાવવામાં આવતા નવીન અભ્યાસક્રમ મુજબ એક્ષપ્લોઝર વીઝીટ અંતર્ગત ખેડબ્રહ્માની ટી.એ. પટેલ શારદા વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને હોસ્પિટલની ઓ.પી.ડી., મેડીકલ સ્ટોર્સ, કેસબારી, ઓપરેશન થિયેટર, વોર્ડ વિગેરેની સુંદર માહિતી મેળવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

## ઈડરમાં સહકારી વિજ્ઞાન કૉલેજ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન

ઈડર, તા. ૧૦ સહકારી વિજ્ઞાન કૉલેજ ઈડર ખાતે મતદારોમાં જાગૃતિ કેળવાય અને ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોક કરે તે અન્વયે વિદ્યાર્થીઓએ તા. ૭મી ડિસેમ્બરના રોજ રૅલી કાઢી હતી. મતાધિકાર પરત્વે લોક જાગૃતિના પોસ્ટરો ઠેર ઠેર ચીપકાવ્યા હતા. જાહેરમાં પ્રતિજ્ઞાનું વાંચન કરી લોકોને જાગૃત કરવા પ્રયત્નો કર્યા હતા. સંકલ્પ પત્રોમાં વિદ્યાર્થીઓએ તેમના માતા-પિતાની સહી મેળવી જમા કરાવ્યા હતા.

## સમાચાર ઝલક

- **અમદાવાદ, નારણપુરામાં લગ્ન સમારંભમાંથી દાગીનાં ચોરી.**
- **શિયાળુ સત્ર બાદ અફઝલ ગુરૂની ફાંસી અંગે વિચારણા.**
- **વાસદમાં એક જ રાતમાં પાંચ બાઇકની ચોરી.**
- **જોધપુરમાં વાયુ સૈનિકે આત્મ હત્યા કરી.**
- **વૈષ્ણવ દેવી માર્ગ પર શોર્ટ સર્કીટથી ૧૨ દુકાનો ભસ્મીભૂત.**
- **આઝમગઢમાં ચાર સગી બહેનોની હત્યા, ખૂન કર્યાની પોલીસને શંકા.**
- **કાનપુરના ગ્રીન પાર્કમાં સ્ટેડિયમમાં એક લાખ વ્યક્તિઓનાં સમૂહે રાષ્ટ્ર ગીતનું ગાન કર્યું.**
- **યુરોપ : હિમવર્ષાથી છ વ્યક્તિઓનાં મોત, ભારતમાં ઠંડી વધી.**
- **દિલીપકુમાર આજે ૯૦મો જન્મદિન મનાવશે.**
- **અમદાવાદની સોલા સિવિલમાં ૩૦ લાખની ચોરી.**
- **વડોદરામાં એન.સી.સી.નાં કેડેટોએ ભ્રષ્ટાચાર વિરોધી શપથ લીધા.**
- **સમાજવાદી પક્ષના કોઇ સભ્યને અંગ્રેજીમાં સમજ પડતી નથી : સમાજવાદી સંસદ સભ્ય.**
- **ઉત્તરપ્રદેશમાં કન્યા વિદ્યાદાનમાં ગરબડ થતાં વિદ્યાર્થીનીઓએ દેખાવો કર્યા.**
- **રેશનિંગની સસ્તા અનાજની દુકાનોવાળા હડતાળ પર જશે.**
- **અમદાવાદ વિમાની મથકે ટેકનિકલ કારણોસર મુંબઇની ફ્લાઇટ રદ્દ થતાં પ્રવાસીઓ હેરાન પરેશાન થયાં.**
- **બહુરાષ્ટ્રીય કંપનીઓએ વર્ષ ૨૦૧૨માં ૧ લાખ કર્મચારીઓની છટણી કરી.**
- **કલકત્તા ફૂટબોલ મેચમાં હંગામો.**